# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી શરૂ થઈ રહેલ છે. બોર્ડની જાહેર પરીક્ષા માટે નોંધનીય બાબતો આ મુજબ છે.

- ધોરણ-૧૦ ની બોર્ડની પરીક્ષા માટે :
  - સમગ્ર રાજ્યમાંથી ૯,૬૪,૫૨૯ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે.
  - પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી તા.૦૯/૦૪/૨૦૨૨ સુધી ૧૦:૦૦ કલાકથી ૧૩:૧૫ કલાક દરમ્યાન યોજાશે.
  - સમગ્ર રાજ્યમાં ૮૧ ઝોન, ૯૫૮ પરીક્ષા કેન્દ્રો, ૩,૧૮૨ પરીક્ષા સ્થળો અને ૩૩,૨૩૧ પરીક્ષા ખંડોનો ઉપયોગ થનાર છે.
- ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષા માટે :
  - સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૦૮,૦૬૭ પરીક્ષાર્થીઓ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪,૨૫,૮૩૪ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે.
  - ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી તા.૦૮/૦૪/૨૦૨૨ સુધી ૩:૦૦ કલાકથી ૬:૩૦ કલાક દરમ્યાન યોજાશે.
  - ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ સુધી કેટલાક વિષયો માટે ૧૦:૩૦ કલાકથી ૧:૪૫ કલાક અને કેટલાક વિષયો માટે ૩:૦૦ થી ૬:૧૫ દરમ્યાન યોજાશે.
  - સમગ્ર રાજ્યમાં ધોરણ-૧૨ માટે ૫૬ ઝોન, ૬૬૭ પરીક્ષા કેન્દ્રો, ૧,૯૧૨ પરીક્ષા સ્થળો અને ૧૯,૦૨૬ પરીક્ષા ખંડોનો ઉપયોગ થનાર છે.
- બોર્ડ દ્વારા પરીક્ષા માટે લીધેલ પગલાઓ :
  - દરેક પરીક્ષા સ્થળો ઉપર પરીક્ષા ખંડોમાં CCTV કેમેરા દ્વારા મોનીટરીંગ.
  - પરીક્ષા ઝોન ખાતેથી પરીક્ષા સ્થળ પર પ્રશ્નપત્ર મોનીટરીંગ માટે મોબાઈલ એપ્લિકેશન (PATA) દ્વારા વિઝિલન્સ કામગીરી.
  - દરેક જિલ્લામાં જિલ્લા કલેક્ટરશ્રીઓ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પરીક્ષા સ્થળ પરની મોનીટરીંગ માટે ફરજ સોંપવામાં આવેલ છે.

- પોલીસ કમિશ્નરશ્રીઓ અને પોલીસ અધિક્ષકશ્રીઓ દ્વારા પરીક્ષા સ્થળથી ૧૦૦ મીટરના અંતરમાં કલમ-૧૪૪ લાગુ પાડવાની પ્રક્રિયા.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ દ્વારા પરીક્ષા સ્થળની આજુબાજુના ૧૦૦ મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા પર પ્રતિબંધ.
- વીજ વિતરણ કંપનીઓ અને ટ્રાન્સમીશન કંપનીઓ દ્વારા પરીક્ષા સમય દરમ્યાન વીજ પુરવઠો સતત મળી રહે તે માટે આયોજન.
- પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓ સરળથી પહોંચે તે માટે ગુજરાત વાહનવ્યવહાર નિગમ દ્વારા જિલ્લાઓની જરૂરીયાત મુજબ બસના રૂટ ગોઠવવાનું આયોજન.
- પરીક્ષા સ્થળ પર વિદ્યાર્થીઓ દ્વારા મોબાઈલ ફોન કે અન્ય પ્રતિબંધિત ઈલેક્ટ્રિક ગેઝેટ લઈ જવા પર રોક.
- બોર્ડ દ્વારા બોર્ડ/જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા સ્થળો પર સ્કવોર્ડની નિમણૂંક.
- પરીક્ષા સ્થળો પર પુરતો પોલીસ બંદોબસ્ત.
- ઝોનલ અધિકારીશ્રીઓ, પરીક્ષા સ્થળ સંચાલકો, સરકારી પ્રતિનિધિઓ, ખંડ નિરીક્ષકો માટેની પરીક્ષા સંબંધી તાલીમ આપવામાં આવેલ છે.
- રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પરીક્ષાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન મળી રહે તે માટે હેલ્પલાઈન દ્વારા માર્ગદર્શન આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- માન.શિક્ષણમંત્રીશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટરશ્રીઓ, પોલીસ કમિશ્નરશ્રીઓ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા પરીક્ષા સમિતિના સભ્યશ્રીઓને વિડીયો કોન્ફરન્સ મારફતે પરીક્ષાના અયોજન સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

સમગ્ર રાજ્યમાં તા.૨૮/૦૩/૨૦૨૨ થી શરૂ થતી બોર્ડની પરીક્ષા માટે જિલ્લા કક્ષાએ પરીક્ષા અંગેની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવાયેલ છે.

બોર્ડ દ્વારા સૌ પરીક્ષાર્થીઓને પરીક્ષાની શૂભેચ્છા પાઠવવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ : ૨૭/૦૩/૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

E:\RAHUL-\akhbari-27-3-22.docx